અપીલ અરજી નં.૨૯૭ તા.૧૬–૧–૦૯

અરજદારઃ શ્રી મનસુખભાઈ જેરાભાઈ મુંજાણી
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)
ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મનસુખભાઈ જેરાભાઈ મુંજાણીની તા.૧૮–૧૧–૦૮ની અરજીથી ટેના નં.૭એ–૨૧–૧૦૦૧–૦–૦૦૧ નોંધ નં.૭/૭૪૪ પૈકીની મિલ્કત વિરુધ્ધમા તા.૩–૧૧–૯૮,૨૨–૧૨–૯૮,૧૭–૭–૯૯,૧૩–૯–૯૯,૨૨–૯–૯૯,૨૫–૧૦–૯૯, ૨૮–૧૦–૯૯ અને ૧૫–૧૧–૦૮ ના રોજ આપેલ અરજીઓ અને ગેરકાનુની રીતે એલાઈમેન્ટ અને માર્જીનની જગ્યા પર જે દાદર મુકેલ છે તે હટાવવા બાબત જે અરજીઓ આપેલ તેની પર શું કાર્યવાહી થઈ તેના મુદ્દા નં.૧ થી ૨૧ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૬–૧–'૦૯ ની અપીલ અરજી નં.૨૯૭/૨૦૦૮–૦૯

શ્રી મનસુખભાઈ જેરાભાઈ મુંજાણીની તા.૧૮–૧૧–૦૮ની અરજીથી ટેના નં.૭એ–૨૧–૧૦૦૧–૦–૦૦૧ નોંધ નં.૭/૭૪૪ પૈકીની મિલ્કત વિરુધ્ધમાં તા.૩–૧૧–૯૮,૨૨–૧૨–૯૮,૧૭–૭–૯૯, ૧૩–૯–૯૯,૨૨–૯–૯૯, ૨૫–૧૦–૯૯,૨૮–૧૦–૯૯ અને ૧૫–૧૧–૦૮ ના રોજ આપેલ અરજીઓ અને ગેરકાનુની રીતે એલાઈમેન્ટ અને માર્જીનની જગ્યા પર જે દાદર મુકેલ છે તે હટાવવા બાબત જે અરજીઓ આપેલ તેની પર શું કાર્યવાહી થઈ તેના મુદ્દા નં .૧ થી ૨૧ ની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સી.ઝેડ/આ.નં.૧૧૧૩ તા.૧૮–૧૨–૦૮ મુદ્દા નં.૧ થી ૧૦ અને ૧૩ થી ૨૧ તથા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.ટીપીડી/૬૧૯૭ તા.૧૯–૧૨–૦૮ થી મુદ્દા નં.૧૧ અને ૧૨ થી આપેલ માહિતી તદ્દન પાયા વિહોણી અને અધૂરી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની ફી ભર્યાની વિગત સહિતની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા તથા ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૮૬ તા.૨૦–૧–૦૯થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) અને ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામા આવેલ. જેના અનુસંધાને એ આર.ડી./સે.ઝોન/આ.ન.૧૩૨ તા.૩૦–૧–૦૯ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે. જેમાં મુદ્દા નં.૧૩ અંગે વિશેષ માહિતી પુરી પડાયેલ છે.

અરજદારની તા.૧૮–૧૧–૦૮ ની અરજીથી અરજદારે તા.૨૨–૧૨–૯૮ તા.૧૭–૭–૯૯ ની અરજીઓ સ ેન્ટ્રલ ઝોનમાં તથા તા.૨૬–૭–૯૯ ની બે અરજીઓ તા.૨૮–૭–૯૯ ના રોજ સ્વીકારાયેલીતા.૩–૧૧–૯૮, તા.૧૩–૯–૯૯, તા.૨૨–૧૦–૯૯ અને તા.૨૫–૧૦–૯૯ ની બે અરજીઓ તથા તા.૧૫–૧૧–૦૮ ની અરજીઓ મ્યુ. કચેરીએ સ્વીકાર્યાની નકલ સહિત રજુ કરેલ છે. અને તા.૨૮–૧૦–૦૦ ની અરજી મ્યુ. કચેરીએ આપેલ જણાવેલ છે. જેના સંદર્ભે મુદ્દા નં.૧ થી ૨૧ ની માહિતી અંગે સેન્ટ્રલ ઝોનમાં કરેલ અરજી પૈકીના મુદ્દા નં.૧૧ અને ૧૨ અંગે નં.સ ે.ઝોન/આરટીઆઈ/જાવક/ નં.૧૦૪૬ તા.૪–૧૨–૦૮ થી ટાઉનપ્લાનરશ્રી અને મ. જાહેર માહિતી અધિકારીને દિન–૧૧ ના વિલબંથી અરજદારની જાણ હેઠળ તબદીલ કરેલ છે.મુદ્દા નં.૧,થી ૧૦ અને ૧૩થી ૧૧ અંગે સીઝેડ/ આરટીઆઈ/આ.નં.૧૧૧૩ તા.૧૮–૧૨–૦૮ થી શહેરી વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદ્દા નં.૧૧ અને ૧૨ ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને માહિતી પુરી પાડેલ છે. મુદ્દા નં.૧,૨,૭,૮,૯ ૧૫,૨૧ બાબતે કરેલ અરજી સદર્ભે માંગેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અત્રેનો ઉપલબ્ધ રેકર્ડ તપાસતાં કોઈ વિગત મળેલ નથી તેવો પ્રત્યુત્તર અરજદારને પાઠવેલ છે. જયારે મુદ્દા નં.૩,૪,૫,૬,૧૦,૧ ૭,૧૮,૧૯, અંગે થયેલ કાર્યવાહીની માહિતી અરજદારને પુરી પડાયેલ છે. જેમાં મંદ્દા નં.૧૯ માં માંગેલ ૧૧ અરજીઓની કાર્યવાહીની માંગેલ માહિતી અંગે તા.૩–૧૧–૦૮, તા.૨૨–૧૨–૯૮, ૨૨–૧૦–૯૯,તા.૨૫–૧૦–૯૯ ની બે તા.૨૮–૧૦–૯૯ અને અરજીઓમાં રેકર્ડ તપાસતાં કોઈ વિગત ઉપલબ્ધ નથી. જયારે તા.૧૭–૭–૯૯, ,તા.૨૮–૭–૯૯ ની બે તા.૧૩–૩–૯૯, તા.૨૫–૧૦–૯૯ અને તા.૧૫–૧૧–૦૮ અંગે થયેલ કાર્યવાહીની વિગતો પુરી પડાયેલ છે. મુદ્દા નં.૧૧ અને ૧૨ અરજદારે ૭/૭૪૪–૭૭૧ પૈકી મિલ્કતમાં એલાઈમેન્ટની જગ્યા ૪.૮૭ ૪.૫૭ મીટર છોડી નથી તે જગ્યા માલિક પાસે માગી શકો છો જો માંગી શકતા હો તો તે અત્યાર સુધી કેમ માંગી નથી. જેમાં ડાયરેકટર ઓફ પ્લાનીંગ કક્ષાએથી એલાઈન્ટમેન્ટ બાબતે અત્રેથી કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ નથી તેવો પ્રત્યુત્તર આપેલ છે. અરજદારે અપીલ અરજીમાં બાંધકામ બાબતે એલાઈમેન્ડ છોડવા માટે શહેરી વિકાસને લગતી માહિતી માગેલ છે અને ગાઉન પ્લાનીંગ વિભાગને ખો આપવા માટે મોકલવામાં આવે છે તેમજ માંગ્યા મુજબની માહિતી મળેલ નથી તેવી રજુઆત કરેલ છે મુદ્દા નં.૧૪ અને ૧૬ એલાઈમેન્ટની જગ્યા છોડી છે તે જગ્યાએ ભાડુઆતનું ઘર હોય તો એલાઈમેન્ટની જગ્યા કયાં છે? તે જણાવવા તથા રૂબરૂ બતાવવા માંગણી કરેલ છે. વધુમાં અપીલમાં આપેલ જવાબ સ્થળ ઉપર જગ્યા બતાવવામાં આવેલ છે. તેવા જવાબમાં

## *હુકમ*

અરજદારની  મૂળ  અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં  આવે છે.

અરજદારની તા.૧૨–૧૨–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નહીં પૂરી પડાયેલી માહિતી  આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા  ડે.કમિશ્નર (હેઅનેહો)  અને જાહેર માહિતી અધિકારી (આઈએસડી ઘટક–૧) અને  જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ :     –૨ –૦૯.

ડે.*કમિશ્નર(જનરલ),*
અ*ને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧ શહેર વિકાસ અધિકારી  અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન), ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી  ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી મનસુખ જેરામ મુંજાણી,